તા.03/01/2017

# વરેલી દિનેશ મિશ્રા મર્ડર કેસનો નાસતો-ફરતો આરોપી પકડાયો

સુરત તા.૨

વરેલીના ચકચારી દિનેશ મિશ્રા હત્યા કેસના નાસતા-ફરતા આરોપીને ઉધના પોલીસે પકડી પાડ્યો હતો. માથાભારે પંકજ મિશ્રાએ મર્ડર બાદ ખટોદરા પોલીસની હદમાં વાહન ચોરી પણ કરી હતી.

મળતી વિગતો પ્રમાણે ઉધના પોલીસ મથકનો સર્વેલન્સ સ્ટાફ એસીપી પટેલ અને પીઆઈ જાદવના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગમાં હતો ત્યારે પોલીસ કર્મીઓ સંજય લોટન અને દિનુભા કનુભાને મળેલી બાતમીને આધારે રીઢા ગુનેગાર પંકજ ઉર્ફે બિહારી પ્રેમનાથ મિશ્રા (ઉ.વ.૨૨. રહે- ધર્મયુગ સોસાયટી, ઉધના- મુળ દેવરિયા, યુપી)ને પેશન બાઈક (નં.જીજે ૫ એમએચ ૫૯૨૪) સાથે પકડી પાડ્યો હતો.

**દારૂના રૂ.૪૦ હજાર લેવાની તકરારમાં બુટલેગર દિનેશ મિશ્રાને પતાવી દીધો હતો**

પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે પંકજ મિશ્રા માથાભારે સ્વભાવનો છે. પોણા બે માસ પહેલાં પંકજે સાગરિતો સાથે મળી જિલ્લાના વરેલીમાં દિનેશ મિશ્રાની ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી દીધી હતી. દારૂના રૂ.૪૦ હજાર લેવાની તકરારમાં બુટલેગર દિનેશ મિશ્રાને પતાવી દીધો હતો. આ મર્ડર બાદ નાસતા-ફરતા પંકજ બિહારીએ બાદમાં સુરતમાં ખટોદરા પોલીસની હદમાં પેશન બાઈક ચોરી કરી હતી. ઉધના પોલીસે રીઢા ગુનેગાર પંકજની ધરપકડ કરી ખટોદરા પોલીસને હવાલે કરી દીધો હતો. ખટોદરા પોલીસની તપાસ પૂર્ણ થયા બાદ કડોદરા જીઆઈડીસી પોલીસને તેનો કબ્જો સોંપાશે.